


# આહ્‌વાન


A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૫૧ | સપ્ટેમ્બર- ૨૦૨૩ | પત્ર - ૧૨૧


## 'વિશ્વાસમાં દઢ રહેવું' કલોસ્સી ૧:૨૩

સંત પાઉલ ક્લોસ્સીઓને પત્ર લખતાં જણાવે છે કે દેવે પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા અંધકારના અધિકારમાંથી છોડાવી તેમના પુત્રના રાજ્યમાં લાવ્યા છે. આ કાર્યમાં ઉદ્ધાર અને પાપની માફી મળે છે. દેવની સાથે સમાધાન થાય છે અને અનંતજીવન પ્રાપ્ત થાય છે. આ સુવાર્તા છે અને તેમાં દઢ રહેવાથી એટલે કે ચલિત ના થઈએ તો જ દેવની સમક્ષ રજૂ થઈ શકીએ છીએ.

પ્રભુ ઈસુમાં વિશ્વાસ કરવાથી જે જીવન પ્રાપ્ત થાય છે તેમાં દઢતાથી ટકી રહેવાની બાબત સંત પાઉલ જણાવે છે. આ જીવનમાંથી ચલિત કરવા જગતનો દેવ શેતાન અનેક કુયુક્તિઓ કરે છે. નિરાશા, સંકટો, પ્રશ્નો, મુશ્કેલીઓ અને મુંઝવણો ઉપસ્થિત કરે છે. એટલા માટે સંત પાઉલ પ્રેરિતોના કૃત્યો ૧૪:૨૨માં જણાવે છે કે ઘણા સંકટમાં થઈને દેવના રાજ્યમાં જવું પડે છે, તેથી વિશ્વાસમાં દઢ રહેવું જોઈએ. ક્રિકેટના મેદાનમાં બેટ્સમેનને આઉટ કરવા સામેની ટીમના સર્વ ખેલાડીઓ ખૂબ મહેનત કરે છે તેવી જ રીતે એક વિશ્વાસીને વિશ્વાસમાંથી ચલિત કરવા માટે જગતની અનેક બાબતો એકીટસે તાકીને ઉભી રહે છે.

આ સર્વ પરિસ્થિતિમાં વિશ્વાસમાં ટકી રહેવા અને દઢ રહેવા માટે દરરોજ આપણું જીવન પ્રભુને સમર્પિત કરવું અને તેમના વચનમાં અને આધિનતામાં રહેવા માટે પ્રાર્થના સાથે આત્મિક રીતે સક્રિય રહેવું જોઈએ. પ્રભુ સાથેના જીવંત સંબંધથી સળગતા રહેવાથી તેના પ્રકાશ દ્વારા જગતના અંધકારથી દૂર રહી શકાય છે. કારણ કે ૧ યોહાન ૧:૫ જણાવે છે તે પ્રમાણે દેવ પ્રકાશ છે અને તેમનામાં કંઈ પણ અંધકાર નથી.

પ્રભુએ તેમના વચનમાં અને શિક્ષણ અને સંદેશમાં જે બાબતો જણાવી છે તેને દઢતાથી વિશ્વાસથી પકડી રાખવી જોઈએ. આ બાબતોને આધિન થવું જોઈએ. હિબ્રુ ૧૦:૨૩માં પણ લેખક જણાવે છે તે પ્રમાણે આપણે આપણી આશાની કબૂલાત દઢ રીતે પકડી રાખીએ. કારણ કે જેમણે વચન આપ્યું છે તે વિશ્વાસ યોગ્ય છે.

જૂના કરાર તરફ દષ્ટિ કરતાં મૂસાના જીવન વિશે હિબ્રુ ૧૧:૨૩ થી ૨૭ પ્રમાણે અભ્યાસ કરતાં ક્ષણિક બાબતોનો ત્યાગ કરી અને લાંબા ગાળાના આશીર્વાદ તરફ દષ્ટિ રાખે છે અને જે ફળ મળવાનું હતું તે તરફ લક્ષ રાખે છે. આ સર્વમાં મૂસાનો પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ જોવા મળે છે. આ વિશ્વાસથી તે દઢ બને છે અને સાથે સાથે આત્મિક રીતે જે આશીર્વાદ પ્રાપ્ત થવાનો છે તેનું દર્શન નિહાળી અને અડગ રહે છે.

વ્હાલાઓ આત્મિક રીતે આપણે આ જાણીએ છીએ કે આપણે પ્રભુની હજૂરમાં ઉભા રહેવાનું છે. અનંતજીવનના ભાગીદાર બનવાનું છે. તેથી ક્લોસ્સી ૧:૨૩ પ્રમાણે આપણે ચલિત ના થઈએ પણ વિશ્વાસમાં દઢ રહીએ. આ સાથે લૂક ૨૧:૩૪-૩૬ પ્રમાણે સાવધાન રહીએ અને હરવખત જાગતા રહી વિનંતી કરીએ જેથી આપણે પ્રભુની આગળ ઉભા રહેવાને પ્રબળ બનીએ.

## BIRTHDATE IN SEPTEMBER

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧/૯ | રશ્મિબાળા સી. સોલંકી | ૧૦/૯ | એવીસ એ. ઈમાનુએલ | ૧૯/૯ | જીમી એસ. ડેવિડ |
| ૨/૯ | રાજ એસ. શાહ | ૧૦/૯ | રોજર આર. રાઠોડ | ૧૯/૯ | પર્સી વી. ક્રિશ્ચિયન |
| ૨/૯ | નિરવ જે. ક્રિશ્ચિયન | ૧૦/૯ | રંજનબેન એ. સોલોમન | ૨૦/૯ | પ્રિસ્કા આર. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) |
| ૩/૯ | આર્થર એ. પેટ્રિક | ૧૧/૯ | સેલીના આર. હિવાળે | ૨૧/૯ | ડેઝમન્ડ જી. મેકવાન (યુ.એસ.એ.) |
| ૪/૯ | સુરાગ કે. વાઘેલા | ૧૧/૯ | એમ્બ્રોઝ એ. પેટ્રિક | ૨૨/૯ | નિલેશ્વરી એન. ક્રિશ્ચિયન |
| ૪/૯ | જેનીફર ડી. બોરકર (દુબઈ) | ૧૧/૯ | ડોરોથીબેન જે. દાસ | ૨૪/૯ | શશીબાળાબેન એસ. પરમાર |
| ૫/૯ | સુનિલ એસ. ભાટીયા | ૧૧/૯ | હસુમતિ વી. રાઠોડ | ૨૬/૯ | રેનોલ્ડ એન. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) |
| ૬/૯ | મધુકાન્તા આર. કાપડિઆ | ૧૫/૯ | નેવિલ એન. ક્રિશ્ચિયન | ૨૯/૯ | હેરોલ્ડ સી. ક્રિસ્ટી |
| ૬/૯ | જીનલ સી. વરસડા | ૧૫/૯ | જોયસી ડી. મેકવાન (યુ.એસ.એ.) | ૩૦/૯ | જીતેન્દ્ર એફ. મહિડા (યુ.એસ.એ.) |
| ૬/૯ | મૃગલોચના એસ. ક્રિશ્ચિયન | ૧૭/૯ | આયરીન આર. મોદી | ૩૦/૯ | બ્રિયાના જે. મહિડા (યુ.એસ.એ.) |
| ૭/૯ | રીયાન જે. ક્રિશ્ચિયન | ૧૭/૯ | ઓલ્ડ્રીચ ઓ. ગામડીઆ | ૩૦/૯ | રોશેલ સી. ડેવિડ |
| ૭/૯ | શેરોન એ. ક્રિશ્ચિયન (કેનેડા) | ૧૮/૯ | મીનાક્ષીબેન વી. ક્રિશ્ચિયન | ૩૦/૯ | રેચલ સી. ડેવિડ |
| ૯/૯ | રોનાલ્ડ આર. રાઠોડ | ૧૯/૯ | સુનિલભાઈ કે. મેકવાન | | |


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.

## ગત માસના કાર્ય તરફ દ્દષ્ટિપાત

- તા. ૨-૮-૨૩ પ્રથમ બુધવારે સાંજે ૮-૦૦ કલાકે ઈડન ગાર્ડનમાં શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિનના ઘરે પ્રાર્થના સંગતમાં મળ્યા.
- તા. ૪-૮-૨૩ શુક્રવારે સાંજના ૬-૦૦ થી ૯-૦૦ કલાક દરમિયાન ચર્ચમાં સુવાર્તા પ્રચાર સમિતિના આયોજનમાં પ્રાર્થનામાં મળ્યા. ખાસ મણિપુર તેમજ જરૂરિયાતમંદ તથા મિશન કાર્ય માટે પ્રાર્થના કરવામાં આવી. સુવાર્તા પ્રચાર સમિતિ પ્રમુખ શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન તરફથી સર્વને ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો. સર્વનો પુષ્કળ આભાર.
- તા. ૬-૮-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી યોહાન ૧૫:૯-૧૭ પ્રમાણે 'પ્રભુ ઈસુ મિત્ર' સંબંધી વચન આપ્યું. પ્રભુભોજન પળાવવામાં આવ્યું હતું.
  ભજનસેવા બાદ મિશન પ્રોગ્રામ સેમિનારમાં સિયોન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતીમાં સ્થાનિક ચર્ચના ૫ સભ્યો સાથે હાજરી આપી.
- તા. ૧૧-૮-૨૩ ચર્ચમાં શુક્રવારની પ્રાર્થના સંગત સાંજે ૮-૦૦ વાગે ચલાવી.
- તા. ૧૩-૮-૨૩ રવિવારની ભજનસેવામાં ચર્ચ બિલ્ડીંગના ૫૧ વર્ષ પૂર્ણ થતાં ખાસ આભારસ્તુતિ કરવામાં આવી. ક્વાયરે સ્તુતિ-આરાધનામાં દોર્યા. સન્ડેસ્કૂલ દ્વારા ખાસ ગીત રજૂ કરવામાં આવ્યું. ૨ કાળવૃત્તાંત ૭:૧૧-૧૮ પ્રમાણે પ્રભુમંદિરના આશીર્વાદ સંબંધી વચન આપવામાં આવ્યું. અનામી દાતા દ્વારા કેક આપવામાં આવી હતી. સ્થાનિક ચર્ચ તરફથી સર્વ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સર્વનો પુષ્કળ આભાર. ભજનસેવા બાદ પાસ્ટરેટ કમિટી મળી હતી.
- તા. ૧૫-૮-૨૩ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ કાર્યક્રમ ડિ.સુ. રેવ. વિજયભાઈ મેકવાન સાહેબની આગેવાનીમાં રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ક્રાય મિનિસ્ટ્રી ડાયરેક્ટર રેવ. સતિષ રાઠોડ સાહેબે વચન આપ્યું હતું. તેઓ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા હોવાથી ડિસ્ટ્રીક્ટ તરફથી વિદાય આપવામાં આવી હતી.
  આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને અને વાલીઓને ઉત્તેજન મળે માટે પ્રોફેસર શ્રી અરવિંદ વાઘેલા સાહેબે ઉત્તેજનદાયક શિક્ષણ આપ્યું હતું. સર્વ વિદ્યાર્થીઓનું મેડલ આપી સન્માન કર્યું હતું. આ સાથે કોન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ માસ્ટર અને એક્ઝીક્યુટીવ બોર્ડ સભ્ય (એમ.સી.આઈ.) શ્રી વિલ્યમભાઈ ક્રિશ્ચિયને ઉત્તેજનના શબ્દો કહ્યા હતા. ડિસ્ટ્રીક્ટ લે-લીડર શ્રી કમલેશભાઈ ક્રિશ્ચિયને આભારવિધિ કરાવી હતી. આ કાર્યક્રમ સ્થાનિક મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર તરફથી સ્પોન્સર કરવામાં આવ્યો હતો. આભાર.
- તા. ૨૦-૮-૨૩ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. 'જાથુ અર્પણ' સંબંધી વચન આપવામાં આવ્યું હતું.
- તા. ૨૬-૮-૨૩ના રોજ મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટમાં નિમણૂંક પામેલ ડિ.સુ. રેવ. સ્મિતાબહેન રોઝીયા સાહેબની આગેવાનીમાં ડિસ્ટ્રીક્ટના પાળક કુટુંબો અને ડિસ્ટ્રીક્ટ આગેવાનોની સંગતમાં આવકાર-વિદાય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબ અને ડિસ્ટ્રીક્ટ ઈવેન્જલીસ્ટ શ્રી એનન રોઝિયા સાહેબનો આવકાર કરવામાં આવ્યો હતો. આ સાથે મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં નિમણૂંક પામેલ રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત સાહેબ કુટુંબનો આવકાર કરવામાં આવ્યો હતો. આ સાથે રેવ. વિજય મેકવાન સાહેબને પણ પ્રેમભેટ આપી વિદાય આપવામાં આવી હતી.
- તા. ૨૭-૮-૨૩ રવિવારની ભજનસેવામાં સ્થાનિક સુવાર્તા પ્રચાર સમિતિની આગેવાનીમાં મિશન અને ઈવેન્જલીઝમ સન્ડેની ઉજવણી કરવામાં આવી. સમિતિ સભ્યોએ વાંચન-પ્રાર્થનામાં દોર્યા. પ્રમુખ શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયને મિશન-પ્રાર્થના સંબંધી શબ્દો કહ્યા. સ્થાનિક પાળકે લૂક ૧૩:૬-૯ પ્રમાણે ફળો આપવા સંબંધી મનન કરાવ્યું. ભજનસેવા બાદ સુવાર્તા પ્રચાર અને મિશન સમિતિ દ્વારા સર્વને આઈસ્ક્રીમ આપવામાં આવી હતી. ખૂબ આભાર.
  ભજનસેવાબાદ સન્ડે સ્કૂલ સુપ્રિ. શ્રીમતી સારાબહેન એફ. ટેલર અને શિક્ષકો દ્વારા બાળકો માટે ચિત્ર-રંગપૂર્ણી સ્પર્ધા રાખવામાં આવી હતી. કુલ ૨૨ બાળકોએ ભાગ લીધો હતો. સર્વનો પુષ્કળ આભાર.
- તા. ૩૦-૮-૨૩ના રોજ સવારે ૨-૦૦ કલાકે સિયોન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતીમાં જી.આર.સી. મહિલા મંડળ આયોજીત સભાશિક્ષક પુસ્તક આધારિત લેખિત બાઈબલ ક્વીઝમાં સ્થાનિક ચર્ચના મહિલા મંડળના ૪ બહેનોએ ભાગ લીધો. અભિનંદન.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | એન્ડરસન એ. ક્રિશ્ચિનય | બર્થડે | ૫૦૦ |
| ૨. | શ્રી/શ્રીમતી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન | લ.દિ. | ૨૦૦ |
| ૩. | શ્રી આકાશકુમાર કે. રાઠોડ | બર્થડે | ૨૦૦ |
| ૪. | વિલ્સન એ. પરીખ (પૂર્ણ સભાસદ થવા બદલ) | આ.સ્તુ. | ૫૦૦ |
| ૫. | શ્રી થોમસ વી. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૬. | શ્રીમતી શ્રેયાબહેન અમીન | આ.સ્તુ. | ૨૫૦ |
| ૭. | કુ. સ્ટેસી જે. ડેવિડ | બર્થડે | ૫૦૦ |
| ૮. | ટ્વીંકલ વી. ક્રિસ્ટી (અમદાવાદ કોર્પોરેશન સ્કૂલમાં બદલી થવાથી અભિનંદન) | આ.સ્તુ. | ૧૦૦૦૦ |
| ૯. | શ્રીમતી કલ્પનાબહેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ૧૦. | શ્રીમતી લલિતાબહેન એસ. ખ્રિસ્તી | બર્થડે | ૧૦૦ |
| ૧૧. | મા. સૌમ્ય એસ. ક્રિશ્ચિયન, અભ્યાસ અર્થે યુ.એસ.એ. જવાની તક મળવાથી અભિનંદન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૨. | શ્રીમતી રશ્મિબહેન સી.સોલંકી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૧૩. | શ્રી નિલેશ આર. રાઠોડ | આ.સ્તુ. | ૨૫૦ |
| ૧૪. | શ્રીમતી સુરેખાબહેન એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૫. | કુ. એનેશા ડી. હેરી | બર્થડે | ૨૦૦ |
| ૧૬. | શ્રીમતી સ્ટેલાબહેન એમ. પરમાર | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૭. | શ્રી આર્નોનભાઈ એસ. પેલમોર | બર્થડે | ૫૦૦ |
| ૧૮. | કુ. પ્રાર્થના એ. કાપડીયા | બર્થડે | ૩૦૦ |
| ૧૯. | શ્રી/શ્રીમતી મનોજભાઈ સી. ચૌહાણ વિદેશયાત્રા સફળ થવા બદલ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૨૦. | શ્રીમતી કમલાબહેન સી. સોલંકી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨૧. | શ્રીમતી જેનેટબહેન પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૨. | શૅન પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૩. | શ્રીમતી ડોરીનબહેન એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૪. | શ્રી રશ્મિકાંત પી. મહિડા | આ.સ્તુ. | ૫૦૦૦ |
| ૨૫. | રૂફીના શાહ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૨૬. | રૂફીના શાહ | પુ.ફંડ | ૧૦૦૦ |

## જાહેરાતો

● દર શુક્રવારે ભજનસેવામાં કુટુંબ સાથે હાજરી આપો. ● દર શુક્રવાર સાંજે ૮-૦૦ કલાકે પ્રાર્થના સગંતમાં હાજરી આપો. ● આપના મૂલ્યવાન આશીર્વાદિત દાનો કારભારી અને પાળકને નિયમિત આપશો. ● સુવર્ણ મહોત્સવ - સોવેનિયર માટે દરેક કમાતી વ્યક્તિ એક આખું કલર પાન આપશો.

## નાણાંકીય અહેવાલ જુલાઈ - ૨૦૨૩

| | | |
|---|---|---|
| તા. ૦૧-૭-૨૩ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૨,૨૧૦.૮૮ |
| | બેંકમાં | ૯,૧૭,૨૬૩.૫૯ |
| જુલાઈ ૨૦૨૩ ની | આવક | ૨,૨૫,૭૨૦.૦૦ |
| | કુલ | ૧૧,૪૫,૧૮૪.૪૭ |
| તા.૩૧-૭-૨૩ની | બંધ સિલક | |
| | રોકડ | ૩,૦૭૭.૮૮ |
| | બેંક | ૫,૨૦,૫૩૮.૫૯ |
| જુલાઈ ૨૩ની | જાવક | ૬,૨૧,૫૬૮.૦૦ |
| | કુલ | ૧૧,૪૫,૧૮૪.૪૭ |